SWAMINARAYAN GURUKUL RAJKOT SANSTHAN
SHREE SWAMINARAYAN
# GURUKUL
INTERNATIONAL SCHOOL
~ GYANBAG - JUNAGADH ~

# PARENT MEETING




**વાલી સભા | તા. 8 ઓક્ટોબર 2023| સમય સવારે 8.30 થી 2.00**

# ગુજરાતી માધ્યમ : ધોરણ 5 થી 12 અને CBSE ધોરણ 5 થી 10

પ્રતિ,
તમામ વાલીશ્રી / સ્ટાફ મિત્રો, જય સ્વામિનારાયણ.

## વાલી સભાની વ્યવસ્થા જળવાઈ રહે એ હેતુથી જરૂરી સૂચનાઓનું પાલન કરીએ.

- સવારે 8.30 પછી વાલીશ્રીઓને વિદ્યાર્થીઓને મળવા માટે ઇલેક્ટ્રિક મેઇન ગેઇટમાથી પ્રવેશ આપવામાં આવશે.
- મેનેજમેંટ કમિટીના નિર્ણય અનુસાર અને વ્યવસ્થાના ભાગરૂપે કોઈપણ વાલીશ્રીઓએ પોતાના બાળકોને વાલીસભા દરમિયાન બહાર લઈ જવાનો આગ્રહ રાખવો નહીં અને આ અંગે કોઈપણ વિભાગ પાસે પરવાનગી માંગવા પણ જવું નહીં , આ વિષયને લઈને કોઈપણ કર્મચારી સાથે ઘર્ષણમાં ઊતરવું નહીં.
- વિદ્યાર્થીઓને સાથે રાખીને વાલીશ્રી વિદ્યાર્થીઓના ક્લાસ શિક્ષકને મળીને વિદ્યાર્થીઓના માર્કસ અને શૈક્ષણિક કાર્યની માહિતી મેળવી શકશે.
- **CBSE અને ગુજરાતી માધ્યમ ધોરણ 8 થી 10 અને 12 કોમર્સના વિદ્યાર્થીઓની ટ્યૂશનની વાર્ષિક ફી ની એન્ટ્રી પોકેટમની માથી પાડી દીધેલ છે , જેથી પોકેટમની માઇનસમાં હશે તો તે પ્લસ કરાવી આપશો , જેથી કરીને આપના બાળકોને ખરીદી કરવામાં મુશ્કેલી ન પડે.**
- **જે વિદ્યાર્થીઓની સત્ર ફી હજુ બાકી હોય તો વાલીશ્રી પોતાની ફરજ સમજીને ભરી આપે.**
- મેનેજમેંટના નિર્ણય મુજબ અને વ્યવસ્થાના ભાગ રૂપે કોઇ પણ વાલીશ્રીઓને હોસ્ટેલમાં અંદર જવાની પરમીશન મળી શકશે નહીં , જેથી હોસ્ટેલમાં જવાનો આગ્રહ રાખવો નહીં.
- આપના બાળકોને સૂકો અને તાજો લસણ – ડુંગળી વગરનો જ નાસ્તો આપવો.
- ગુરુકુલ એ માત્ર હોસ્ટેલ જ નથી પરંતુ સમાજ ઘડતરની સંસ્થા છે , જે હેતુથી સૌ કોઈનું જીવન સારું બને અને સમાજ અને રાષ્ટ્રને આપણે વિશેષ ઉપયોગી બની શકીએ એ હેતુથી વાલી સત્સંગ સભાનું આયોજન કરવામાં આવતું હોય છે, જેમાં વિદ્યાર્થીઓના સંસ્કૃતિક કાર્યક્રમ , વિધાર્થીઓને પ્રોત્સાહન રૂપે ઈનામ વિતરણ , સંતો દ્વારા જીવન ઉપયોગી કથા – વાર્તા કરવામાં આવતી હોય છે , તેમજ જરૂરી સૂચનાઓ પણ આપવાની થતી હોય છે , તમામ વાલીશ્રી ( ભાઈઓ – બહેનો )સત્સંગ સભામાં અવશ્ય પધારવું.
- સત્સંગ સભા બાદ ભોજન પ્રસાદનો સમય 12.30 પછીનો રહેશે.
- વાલી સભાનો સમય 2.00 વાગ્યે પૂર્ણ થતો હોય છે , ત્યારબાદ હોસ્ટેલમાં હાજરી પુરાવવા માટે આપના બાળકને હોસ્ટેલમાં મોકલી આપશો.

# તા. 8 ઓક્ટોબર , વાલી સભાની રૂપરેખા

| ક્રમ | સમય | વિગત |
|---|---|---|
| | | |
| 1 | 8.30 થી 10.45 | વિદ્યાર્થીઓને અને શિક્ષકશ્રીઓને મળવા માટેનો સમય |
| 2 | 11.00 થી 12.30 | સંસ્કૃતિ ક કાર્યક્રમ અને સત્સંગ સભા |
| 3 | 12.30 થી 1.00 | ભોજન – પ્રસાદ |
| 4 | 1.00 થી 2.00 | વિદ્યાર્થીઓને અને શિક્ષકશ્રીઓને મળવા માટેનો સમય |
| 5 | 2.00 : વાલી સભા પૂર્ણ અને વિદ્યાર્થીઓએ હોસ્ટેલમાં હાજરી પુરાવા માટે જવું | |

## સત્સંગ સભાની રૂપરેખા : 8 ઓક્ટોબર, 2023.

| ક્રમ | સમય | વિગત |
|---|---|---|
| | | |
| 1 | 10.45 થી 11.00 | વેદોક્ત પરંપરા અનુસાર અને દક્ષિણી સંસ્કૃતિ મુજબ સંતો દ્વારા ભગવાનની ( ઠાકોરજી ) ની " **મહાનિરાજન આરતી** " **( અચૂક લાભ લેવો )** |
| 2 | 11.00 થી 11.10 | ધૂન – કીર્તન |
| 3 | 11.10 થી 11.20 | જ્ઞાનબાગ ગુરુકુલના બાળકો દ્વારા દેશભક્તિ થીમ ઉપર ડાન્સ |
| 4 | 11.20 થી 11.35 | **પ.પૂ. પુરાણીશ્રી નંદકિશોરદાસજી સ્વામી** |
| 5 | 11.35 થી 11.45 | વિવિધ – સ્પર્ધામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહન |
| | 11.45 થી 11.50 | છેલ્લા 1 – 2 મહિનામાં સંસ્થામાં થયેલ વિવિધ પ્રવૃતિઓનું નિદર્શન |
| 6 | 11.50 થી 12.10 | **પ.પૂ. ઋષિકેશદાસજી સ્વામી** |
| | 12.10 થી 12.30 | **રૂપક : બાળકોના સંસ્કારમાં માતા – પિતાની ભૂમિકા** |
| 7 | 12.30 થી 12.35 | જરૂરી સૂચનાઓ |
| **ભોજન – પ્રસાદ** | | |

## મહાનિરાજન આરતીનું મહત્વ :

**પૃથ્વી ઉપર ઘણા બધા તત્વો છે , જે મનુષ્યો માટે ઉપયોગી છે , પરંતુ જેમાં પવિત્ર તત્વો જેને વેદોએ માન્યતા આપી છે , એવા તત્વો દ્વારા ભગવાનની આરતી ઉતારવામાં આવતી હોય છે. દક્ષિણી સંસ્કૃતિ પરંપરા મુજબ તિરુપતિ બાલાજી વગેરે મોટા મંદિરોમાં જે મુજબ આરતી થતી હોય છે , એ મુજબની આ આરતીના દર્શન થતાં હોય છે.**

**મોટા મહારાજાધીરાજનું જે સન્માન કરવામાં આવતું હોય છે એ મુજબ ઠાકોરજીનું " રજોપચાર પૂજન " થતું હોય છે.**

**विद्या ददाति विनयं विनयाद् याति पात्रताम् । पात्रत्वात् धनमाप्नोति धनात् धर्मं ततः सुखम् ॥**